ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0





શાળા અમારી તિર્થભૂમિ, જ્ઞાનગંગા અહીં વહે... - શહેરમાં શૈક્ષણિક સત્રના પ્રથમ દિવસે શાળાઓ વિદ્યાર્થીઓના કોલાહલથી ગુંજી ઉઠી હતી... શહેરના જનજીવનને વધુ વેગવંતુ બનાવતા બાળકો અને કિશોરો શાળાએ જતા સમગ્ર શહેરમાં માહોલ બદલાયો હતો... ગાંધીનગરમાં શહેરના ૫૦ હજારથી વધુ વિદ્યાર્થીઓ અને બહારગામથી આવી અહીં અભ્યાસ કરતા વધુ ૩૦-૪૦ હજાર વિદ્યાર્થીઓની અવરજવરથી શહેરમાં એક નવો જ ધમધમાટ અનુભવાતો હતો... ગાંધીનગર વિદ્યાનું ધામ બની રહ્યું છે ત્યારે શૈક્ષણિક સત્રના આરંભથી શહેરના જીનજીવનને નવો ઉમળકો અને ઉર્જા મળી રહી છે...

# શહેરમાં અસહ્ય બફારો અનુભવાયો

### વાતાવરણ પલ્ટાના બીજા દિવસે પારો ૪ ડિગ્રી ઉંચકાતા આકરા બફારાથી નગરજનો બેચેન : મહત્તમ તાપમાન ૪૦ ડીગ્રી નજીક પહોંચ્યુ : લઘુત્તમ તાાપમાન પણ ૬ ડીગ્રી ઉંચકાયુ

ગાંધીનગર તા ૫

ગાંધીનગરમાં વાતાવરણ પલ્ટાના લીધે ગઈકાલે મોસમ ઠંડુ રહ્યુ હતુ. અલબત્ત ગરમીનો પારો ૫ ડીગ્રી નીચે સરકી ગયો હતો જયારે આજે અચાનક જ ગરમીનુ જોર વધી જતા નગરજનો અસહ્ય બફારાથી પરેશાન થઈ ગયા હતા. મહત્તમ તાપમાન ૪ ડીગ્રી ઉપર આવ્યુ હતુ. ગરમીનો પારો ૩૯.૫ ડીગ્રી આવી ગયો હતો. જયારે લઘુત્તમ તાપમાન પણ ૬ .ડીગ્રી ઉપર આવતા નગરજનોએ દિવસ દરમિયાન આકરી ગરમીના અહેસાસ સાથે વિચિત્ર મોસમનો અનુભવ કર્યો હતો.

ગાંધીનગરમાં ગમે ત્યારે આકાશી નઝારો બદલાય છે. જયારે ગરમીની મોસમમાં પણ રોજબરોજ વરસાદી વાદળો ડોકીયા કરી જતા વિચિત્ર મોસમની અસરથી જનજીવન પ્રભાવિત છે. ગઈકાલે સવારે વાદળિયા વાતાવરણ વચ્ચે તોફાની વરસાદ વરસતા નગરમાં ભીંજારાના માહોલ વચ્ચે ઠંડક પ્રસરી હતી. જયારે ગરમીનો પારો પણ ૪૦ ડીગ્રીથી નીચે ઉતરીને ૩૫ ડીગ્રી સુધી આવી ગયો હતો. જયારે આજે અચાનક જ વાતાવરણમાં ફરી એકવાર બદલાવ આવ્યો હતો. મહત્તમ તાપમાન ઉપર ચઢયુ હતુ. ગરમીનો પારો ફરી એકવાર તપ્યો હતો. ગઈકાલની સાપેક્ષમાં મહત્તમ તાપમાન ૪ ડીગ્રી ઉંચકાયુ હતુ. જયારે લઘુત્તમ તાપામાન પણ ૬ ડીગ્રી ઉપર આવ્યુ હતુ. જેના લીધે દિવસ દરમિયાન નગરજનોએ આકરી ગરમીનો અહેસાસ કર્યો હતો. દિવસે તાપ વચ્ચે આકરા ઉકળાટથી નગરજનો બેબાકળા બની ગયા હતા. વાતાવરણ પલ્ટાના બીજા દિવસે ગરમીનુ જોર વધી જતા નગરજનો હવે વળતા

● અનુસંધાન પાન-૭ પર

# લેકાવાડા પાસે ગેરકાયદેસર રેતી ચોરી અને ખનન પકડાયુ

### આકરો દંડ ફટકારવા સુચના : વહેલી સવારે દરોડો જિયોલોજીસ્ટની ટીમ બોલાવી ખોદકામની માપણી કરીને દંડ ફટકારવા સુચના

ગાંધીનગર તા ૫

સાબરમત્તી નદીમાં રેતીચોરનો આતંક છે. અત્યાર સુધી રેતીમાંથી રેતી કાઢવામાં કોઈ પાછીપાની કરવામાં આવી નથી. પ્રાંત અધિકારીની ટીમે રાત્રે તેમજ વહેલી પરોઢે રેતી ચોરોને ઝડપી લેવા માટે ઝુંબેશ હાથ ધરી છે. જે અન્વયે દરોડા પાડવામાં આવી રહ્યા છે. જેના ભાગરૂપે અગાઉ માધવગઢમાંથી રેતી ચોર ઝડપી લેવામાં આવ્યા હતા જયારે ત્યારબાદ મામલતદારે વહેલી પરોઢે લેકાવાડા પાસે દરોડો પાડયો હતો આ દરમિયાન રેતી ચોરીને ગેરકાયદેસર ખનન પકડી પાડયુ છે. વહેલી સવારે જિયોલોજિસ્ટની ટીમને બોલાવી ગેરકાયદેસર ખનની માપણી કરીને લીઝ ધારકોને દંડ ફટકારવા માટે પણ સુચના આપવામાં આવી હોવાનુ જાણવા મળ્યુ છે.

ગાંધીનગરમાં સાબરમત્તી નદીમાંથી સમયાંતરે રેતી ચોરી કરવાના કિસ્સાઓ ધ્યાને આવી રહ્યા છે. સાબરમતી નદીમાં રેતી ચોરવાના મામલે રેતી માફીયાઓ બિન્દાબસ્ત બન્યા છે. જયારે આ માફિયાઓ કોણપણ પ્રકારની મંજુરી કે પાસ વિના જ રેતીનુ ખનન કરી રહ્યા છે. જેના લીધે સરકારને પણ તોતિંગ આર્થિક નુકશાન થઈ રહ્યુ છે. જયારે પર્યાવરણને પણ નુકશાન થાય છે. એકબાજુ હરિયાળા વૃક્ષો પણ કપાઈ રહ્યા છે. જયારે બીજીતરફ ગ્રીન સીટીમાં હાંસિયામાં ધકેલાયેલા શહેરમાં રેતી ખનનનુ દુષણ પણ પર્યાવારણ માટે ખતરારૂપ બન્યુ છે. ભુસ્તરતંત્રની પણ બેદરકારી છતી થઈ છે. જેના લીધે રેતીખનનની પ્રવૃતિ બિન્દાસ્ત અને બેફામ બની છે. આવા સંજોગોમા જિલ્લા કલેકટર હીતેશ કોયાએ ડેપ્યુટી કલેકટર કક્ષાના અધિકારીઓને રાત્રિના તેમજ પરોઢના સમયે નદીમાં દરોડા પાડી આ પ્રકારની પ્રવૃતિને ડામવા માટે સુચના આપી છે. જયારે આ અગાઉ ગાંધીનગરના માધવગઢ તેમજ માણસાના અનોડિયા ગામમાં પણ રેઈડ કરવામાં આવી હતી આ દરમિયાન ગેરકાયદેસર ખનન પ્રવૃતિને પકડી પાડવામાં આવી હતી.

પ્રાંત અધિકારીની સુચના અન્વયે ગાંધીનગર મામલતદાર તેમજ તેમની ટીમે લેકાવાડામાં પરોઢીયાના સમયે દરોડો પાડયો હતો આ દરમિયાન પ્રાથમિક તપાસમાં જ ગેરકાયદેસર આ પ્રવૃતિ બિન્દાસ્ત થતી હોવાનુ સ્પષ્ટ થયુ હતુ. જયારે કોઈપણ પ્રકારની મંજુરી તેમજ પરવાના વિના જ મશીનથી ખોદકામ કરવામાં આવતુ હોવાનુ પણ ધ્યાને આવ્યુ હતુ. જેને અનુલક્ષી તાત્કાલિક જિયોલોસ્ટ તેમજ તેમની ટીમને જાણ કરી લીઝ બહાર અને તેમજ ઉંડાણમાં કરવામાં આવતા ખોદકામ અંગે માપણી કરવામાં આવી હતી. ત્યારબાદ સંબંધિત લીઝ ધારકોને દંડ ફટકારવા માટે સુચના આપવામાં આવી છે.

# પોક્સોના કેસમાં આરોપીને ૨૦ વર્ષની કેદની સજા તેમજ ૧૪ હજારનો દંડ

### ચાંદખેડાની સગીરાને આરોપી લલચાવી ફોસલાવી લઇ જઇ હોટલમાં ત્રણ દિવસ રાખી હતી

ગાંધીનગર તા ૫

ચાંદખેડા વિસ્તારમાંથી સગીરાને લલચાવી ફોસલાવી લઈ જઈને હોટલમાં ત્રણ દિવસ રાખી શારીરીક સંભોગ કરવાના ગુન્હામાં ગાંધીનગરની સ્પે પોકસો કોર્ટે આરોપીને ૨૦ વર્ષની કેદની સજા તેમજ રૂ ૧૪ હજારનો દંડ ભોગવવા આદેશ કર્યો છે.

ચાંદખેડા પોલીસ સ્ટેશનના પોકસોના કેસમાં ગાંધીનગર કોર્ટે આરોપીને ૨૦ વર્ષની કેદની સજા તેમજ રૂ ૨૦ હજારનો દંડ ભોગવવા આદેશ કર્યો છે. આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર તા ૧૫ ઓગષ્ટ વર્ષ ૨૦૨૦ના રોજ ફરિયાદીની સગીર વયની દિકરી તેમના ઘરેથી આરોપી સચિન ઉર્ફે પાપે નરેન્દ્રભાઈ ગુર્જરે રહે આવાસ પાર્ક સોસાયટી , પ્રેમપ્રકાશ આસારામ પાસે કોતરપુર વર્કસની બાજુમાં મુળ રહે સુઘડ તા જિ ગાંધીનગરે તેણીને લલચાવી ફોસલાવી કાયદેસરના વાલીપણાંમાંથી લઈ ગયો હતો. નાના ચિલોડા અને નરોડા જતો રહ્યો હતો. નરોડા સુતરના કારખાના પાસે આવેલી હોટલમાં ત્રણ દિવસ સુધી તેણીની સાથે વારંવાર શરીર સંભોગ કર્યો હતો. જયારે તેણી પોતના ઘરે તા ૨૬ ઓગષ્ટના રોજ પરત આવી હતી. જયારે આ બનાવ સદંર્ભે ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા પોલીસે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. કેસ સંદર્ભે ચાર્જશીટ કરવામાં આવ્યા બાદ આ કેસ સ્પેશ્યલ પોકસો કોર્ટમાં ચાલી જતા ભોગ બનનનાર તેમજ અન્ય સાહેદોની જુબાની લેવામાં આવી હતી. સરકારી વકીલ તરીકે સુનિલ એસ પંડયાએ દલીલો કરી હતી. જેમાં તેમણે કોર્ટ સમક્ષ દલીલ કરતા

● અનુસંધાન પાન-૭ પર

## આજે GNPL નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટની ફાયનલમાં મુખ્યમંત્રી ઉપસ્થિત રહેશે

ગાંધીનગર,તા.૦૫

ગાંધીનગર ઉત્તર વિધાનસભાના ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલ દ્વારા આયોજિત 36-GNPL નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટની ફાઈનલ મેચ રાજયના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં તા. ૬ જૂન, મંગળવારે રાત્રે ૭.૦૦ કલાકે રામકથા મેદાન, સે.૧૧ ખાતે યોજાશે. સેમીફાઈનલની વિજેતા બે ટીમ ફાઈનલમાં ટકરાશે.

# IIT ગાંધીનગરની NIRF ઈન્ડિયા રેક્કિંગ ૨૦૨૩માં આગેકૂચ

ગાંધીનગર,તા.૦૫

IITGN રીસર્ચ ઈન્સ્ટીટ્યુશન્સ કેટેગરીમાં પણ ૩૧મા ક્રમે પહોંચ્યું છે, અને ફરીથી આ કેટેગરીમાં ફીચર કરનારી ગુજરાતની એકમાત્ર સંસ્થા બની છે.

ગાંધીનગરઃ શૈક્ષણિક અને સંશોધન શ્રેષ્ઠતાના કાર્યમાં આગળ વધીને, ભારતીય પ્રૌદ્યોગિકી સંસ્થાન ગાંધીનગર (્ય્ધ્)એ આજે નેશનલ ઈન્સ્ટિટ્યૂશનલ રેક્કિંગ ફ્રેમવર્ક (NIRF) દ્વારા જાહેર કરાયેલ ઈન્ડિયા રેક્કિંગ્સ ૨૦૨૩માં અસાધારણ પ્રગતિ દર્શાવી છે. સંસ્થાએ એન્જિનિયરિંગ કેટેગરીમાં ૧૮માં સ્થાને (વર્ષ ૨૦૨૨માં ૨૩મા ક્રમથી) પહોંચીને ટોચની ૨૦ સંસ્થાઓમાં પ્રવેશ મેળવ્યો છે અને ગયા વર્ષ (વર્ષ ૨૦૨૨માં ૩૭મા ક્રમેથી) ૧૩ સ્થાનની છલાંગ લગાવીને ઓવેરઓલ કેટેગરીમાં ૨૪મુ સ્થાન મેળવ્યું છે; જે આ શ્રેણીની ટોચની ૫૦ સંસ્થાઓમાં ગુજરાતની એકમાત્ર ઉચ્ચ શિક્ષણ સંસ્થા છે. IITGNએ રીસર્ચ ઈન્સ્ટીટ્યુશન્સ કેટેગરીમાં પણ તેના રેક્કિંગમાં સુધારો કર્યો છે તેમજ ૩૧મા રેક્ક પર પહોંચીને (વર્ષ ૨૦૨૨માં ૩૪મા રેક્કથી) ફરીથી આ કેટેગરી હેઠળ ફીચર કરનારી ગુજરાતની એકમાત્ર સંસ્થા બની છે.

વર્ષોથી સંસ્થાની સતત પ્રગતિ તેના શૈક્ષણિક કાર્યક્રમોના મૂળમાં રહેલી આંતરશાખાકીયતા, લર્નિંગ બાય ડૂઈંગ અભિગમ, ડિઝાઈન વિચારસરણી, કલા, અને સર્જનાત્મકતા પર ધ્યાન કેન્દ્રિત કરીને શિક્ષણ, સંશોધન, અને નવીનતામાં શ્રેષ્ઠતા પ્રત્યેની તેની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

# નગરના ખ-માર્ગ પર ફુટપાથ તોડીને વચ્ચે રસ્તો કરી દેવાતા સ્થાનિકોને નોટીસ

### ફુટપાથની ટાઇલ્સ ઉખાડી રસ્તો કરાયો : જાહેર મિલ્કતને નુકશાન પહોંચાડવાના મામલે સ્થાનિક વેપારીઓને પણ તંત્રએ નોટીસ આપી : પોલીસને પણ જાણ કરી



ગાંધીનગર તા ૫

ગાંધીનગરમાં કરોડોના ખર્ચે ફુટપાથનુ નેટવર્ક તૈયાર કરાયુ છે. શહેરમાં અંદાજિત ૯૫ કી મી નુ ફુટપાથનુ નેટવર્ક છે. પરંતુ છેલ્લા પાંચ વર્ષથી ફુટપાથ ચિથરેહાલ છે. એકબાજુ ફુટપાથની જાળવણીનુ કામ પણ હાથ ધરવામાં આવતુ નથી વરસાદી પાણીના નિકાલની નવી લાઈન નાંખવાની કામગીરી સાથે હવે પાણી ગટરની લાઈનનુ કામ પણ હાથ ધરાતા ફુટપાથ પર ઠેર ઠેર ગાબડા જોવા મળે છે. જયારે સ્થાનિકો પણ ફુટપાથને નુકશાન પહોંચાડતા વોક વે પર વોકીંગ કરવાનુ પણ જોખમી બનતુ જાય છે. નગરના ખ માર્ગ પર ફુટપાથની ટાઈલ્સો તોડીને વચ્ચે આખો રસ્તો બનાવી દેવાયો છે. જયારે જાહેર મિલ્કતને નુકશાન પહોંચાડવાના કિસ્સામાં તંત્રએ પણ સ્થાનિક વેપારીઓને નોટીસ આપી છે. જયારે આ મામલે પોલીસને પણ જાણ કરવામાં આવી છે.

ગાંધીનગરમાં છેલ્લા પાંચ વર્ષથી ફુટપાથ તદન ફંગોળાયેલી હાલતમાં જોવા મળે છે. નગરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોના એપ્રોચ સહીતના વિસ્તારમાં ફુટપાથનુ નેટવર્ક તૈયાર કરવા માટે કરોડો રૂપિયાનો તોતિંગ ખર્ચ કરવામાં આવ્યો છે. શહેરમાં અંદાજિત ૯૫ કી મી વિસ્તારમાં ફુટપાથનુ નેટવર્ક છે. શહેરમાં વરસાદી પાણીના નિકાલની લાઈન તેમજ પાણી ગટરની નવી લાઈનના ખોદકામ બાદ ફુટપાથ ચિથરેહાલ બની છે. જયારે વાઈબ્રન્ટ સમિટ પણ છેલ્લા બે વર્ષથી યોજવામાં આવી નથી જેના લીધે વાઈબ્રન્ટ ટાંણે ફુટપાથની દશા સુધારવાની કામગીરી પણ થઈ શકી નથી. ત્યારે ફુટપાથ પર વિખેરાયેલી અને તુટેલી ટાઈલ્સ લગાડાવા ઉપરાંત જાળવણીનુ કામ હાથ ધરવા માટે પણ જવાબદાર તંત્રને માર્ગ મકાન વિભાગ કક્ષાએથી પત્ર લખી જાણ કરવામાં આવી છે. પાણી પુરવઠા બોર્ડ દ્વારા ખોદકામના અંતે ફુટપાથની જાળવણીનુ કામ હાથ ધરવા માટે પણ નિર્ણય લેવાયો છે. શહેરના સેકટરો આસપાસ ફુટપાથનુ નિર્માણ કરાયા બાદ પણ સ્થાનિકો દ્વારા પણ ફુટપાથને નુકશાન થઈ રહ્યુ છે. રહેણાંક વિસ્તારમાં રહીશો પણ શોર્ટ કટ શોધવા માટે ફુટપાથ વચ્ચેથી રસ્તો કાઢવા પ્રયાસો કરે છે. જેના લીધે ઘણાં ઠેકાણે ફુટપાથની ટાઈલ્સ પણ કાઢી નાંખવામાં આવી છે. જયારે સેકટરોમાં ઘણાં ઠેકાણે ફુટપાથ પર વાહનો દોડતા પણ નજરે પડે છે. આવા સંજોગોમાં ફુટપાથની જાળવણી મામલે તંત્રએ કડક બનવાની અનિવાર્યતા છે. નગરના ખ માર્ગ પર પણ ફુટપાથ પરના બ્લોક કાઢી નાંખી રીતસર રસ્તો કરી

● અનુસંધાન પાન-૭ પર

## ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહની પૂરક પરીક્ષાના ફોર્મ ભરવાની તારીખ લંબાવાઈ

ગાંધીનગર, તા.૫

ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં એક-બે વિષયમાં નાપાસ થયેલા ઉમેદવારો માટે મહત્વના સમાચાર સામે આવ્યા છે.

પૂરક પરીક્ષાના ફોર્મ ભરવાની તારીખ લંબાવાઈ છે. અત્રે તમને જણાવી દઈએ કે, હવે ૯ જૂન સુધી પૂરક પરીક્ષાના ફોર્મ શાળાઓ ઓનલાઈન ભરી શકશે.

એક કે બે વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ જુલાઈમાં પૂરક પરીક્ષા આપી શકશે તેમજ ગેરહાજર વિદ્યાર્થીઓ પણ જુલાઈમાં પૂરક પરીક્ષા આપી શકશે. ઉલ્લેખનીય છે કે, અગાઉ ૫ જૂન સુધી પૂરક પરીક્ષાના ફોર્મ ભરવાનો અંતિમ દિવસ હતો જો કે, સમય મર્યાદા વધારી હવે ૯ જૂન સુધી કરવામાં આવી છે, પૂરક પરીક્ષાના ફોર્મ શાળાઓ દ્વારા ઓનલાઈન ભરાઈ રહ્યાં છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડનું ધોરણ ૧૨ સાયન્સનું પરિણામ જાહેર થઈ ગયું હતું. ધોરણ ૧૨ સાયન્સનું ૬૫.૫૮ ટકા પરિણામ જાહેર થયું હતું.

જિલ્લા પ્રમાણે વાત કરીએ તો મોરબી જિલ્લો ૮૩.૨૨ ટકાના પરિણામ સાથે સમગ્ર રાજ્યમાં મોખરે રહ્યું છે, જ્યારે દાહોદ જિલ્લો છેલ્લા ક્રમે રહ્યો છે. કેન્દ્રની વાત કરીએ તો સૌથી વધુ પરિણામ હળવદ કેન્દ્રનું ૯૦.૪૧% આવ્યું.

# ચોમાસામાં વરસાદી પાણીનો નિકાલ કરવા ફુટપાથના વી-પોલની સફાઈ હાથ ધરાઈ

### નગરના મુખ્યમાર્ગો આસપાસ સ્થિત વોક-વેના પોલમાંથી સરળતાથી પાણીનો નિકાલ થાય તે માટે કચરો ઉલેચવાનુ કામ શરૂ

ગાંધીનગર તા ૫

ગાંધીનગરમાં વરસાદી દિવસો પુર્વે પ્રિ મોન્સુન એક્ટિવીટી હાથ ધરવામાં આવી છે. વરસાદી દિવસોમાં સેકટરોમાં જળબંબાકારની સ્થિતિ ન સર્જાય તે માટે વરાસાદી પાણીના નિકાલની લાઈનની સફાઈ કરવામાં આવી રહી છે. સરકારી આવાસોના ધાબાની પણ સફાઈ કરી પાણીના નિકાલ માટે વ્યવસ્થા કરવામાં આવી રહી છે. જયારે ફુટપાથ નીચેથી પસાર થતી લાઈનને અનુલક્ષીને પણ હાલ તંત્ર દ્વારા સફાઈ કામ હાથ ધરવામાં આવ્યુ છે. નગરના મુખ્ય માર્ગોના વોક વે નીચેના વી પોલમાંથી કચરો ઉલેચવામાં આવી રહ્યો છે.

ચોમાસુ માથે છે. ત્યારે તંત્ર દ્વારા પ્રિમોન્સુન ગતિવિધિ હાથ ધરવામાં આવી છે. હાલ પણ ઉનાળાની આકરી ગરમીના દિવસોમાં વરસાદની બેટીંગ ચાલુ છે. જયારે નજીવા વરસાદમાં પણ સેકટરોમાં ઘણાં ઠેકાણે પાણીનો ભરાવો થઈ જાય છે. શહેરમાં અગાઉ વરસાદી પાણીની લાઈનનુ કામ બાકી હતુ અલબત્ત અમુક જ સેકટરોમાં સ્ટોર્મ વોટર લાઈન હતી પરંતુ હવે તમામ સેકટરોમાં વરસાદી પાણીના નિકાલની લાઈન છે જેના લીધે ચોમાસાને ધ્યાનમાં રાખી તંત્ર દ્વારા વરસાદી પાણીના નિકાલની લાઈનની સફાઈ પણ કરવામાં આવી રહી છે.

ચોમાસાને અનુલક્ષી તંત્ર દ્વારા પ્રિમોન્સુન પ્લાન તૈયાર કરાયો છે જે અન્વયે શહેરના સેકટરોમાં સ્થિત સરકારી આવાસોના ધાબાની સફાઈ પણ કરવામાં આવી છે. જેથી ધાબાના ભાગે પાણીનો ભરાવો અને ગંદકી થતી અટકાવી શકાય જયારે બીજીતરફ વરસાદી દિવસો પુર્વે ફુટપાથ નીચેના વી પોલની પણ

● અનુસંધાન પાન-૭ પર

## વીસનગરા નાગર બેસણું



અમારા પ.પૂ. મોટાભાઈ / પિતાશ્રી **મયુર સુરેશચંદ્ર વ્યાસ,** નિવૃત્ત નાયબ સચિવ અને ઉપપ્રમુખ- ગાંધીનગર શહેર વસાહત મહામંડળનું તા. ૩/૬/૨૦૨૩, શનિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. **સદ્‌ગતનું બેસણું તા. ૬/૬/૨૦૨૩, મંગળવારના રોજ સાંજે ૫-૦૦ કલાકથી ૭-૦૦ કલાક** નીચેના સ્થળે રાખવામાં આવેલ છે.

**સ્થળ : શ્રી ભુવનેશ્વર મહાદેવ તીર્થ, સેક્ટર-૬, ગાંધીનગર.**

| | |
|---|---|
| **દુષ્યંત સુરેશચંદ્ર દીવાન** | **અ.સૌ. રોશના દુષ્યંત દીવાન** |
| **અ.સૌ. રૂપલ ગિરીશ જોષી (પુત્રી)** | **ગિરીશ મધુસૂદન જોષી** |
| (M) 7874407265 | (M) 94276 00325 |
| **સમીર મયુર વ્યાસ (પુત્ર)** | **અ.સૌ. શ્રુતિ સમીર વ્યાસ** |
| U.S.A. | U.S.A. |




Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com